ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ક્રમાંક: પરિક્ષા/૪-અ/૫૨૯૦૮/૨૦૨૫ તા.૧૯/૧૧/૨૦૨૫

**પરિપત્ર: ૩૮૨**

**Revised સેમેસ્ટર-૧(એક)માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ બાબત**

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા, એજ્યુકેશન, બીબીએ,બીસીએ, કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69ની જોગવાઈ મુજબ સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ ગુજરાત યુનિવર્સિટીમાં કરવાનું થાય છે. હાલમાં આપની કોલેજ સંસ્થામાં સેમેસ્ટર ૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફોર્મ ભરવાની કામગીરી કરવા જરૂરી બીડાણો લગાવી નિયત પત્રક અને ફી કોલેજોએ નીચે મુજબની તારીખ પ્રમાણે નિયત ફી અને લેટ ફી સાથે જમા કરાવવા આથી જણાવવામાં આવે છે

| ક્રમ | તારીખ થી | તારીખ સુધી | ફી |
|---|---|---|---|
| ૧ | ૨૦-૧૧-૨૦૨૫ | ૧૦-૧૨-૨૦૨૫ | રેગ્યુલર ફી |
| ૨ | ૧૧-૧૨-૨૦૨૫ | ૧૫-૧૨-૨૦૨૫ | રેગ્યુલર ફી અને લેટ ફી 500/- |

**સેમેસ્ટર ૧ના એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે**

1. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ વિદ્યાશાખાની કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂપિયા ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. જે http://efespgreg.gujaratuniversity.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.
2. એનરોલમેન્ટ ફી ક્રોસ ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક (ચેક રીટર્ન થયે રૂ.૨૦૦૦/- દંડ કરવામાં આવશે) "કુલસચિવશ્રી" ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ૩૮૦૦૦૯ ના નામનો કઢાવીને મોકલી આપવાનો રેહશે. ડીમાન્ડ ડ્રાફ્ટ પૂરી રકમનો કઢાવવાનો રહેશે (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)
3. વિદ્યાર્થીના એનરોલમેન્ટની યાદી જમા કરાવવા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના લેવલે કરવા વિનંતી.
4. પ્રવેશ સમિતિ દ્વારા એન્ડોર્સ થયેલ વિધાર્થીઓના જ એનરોલમેન્ટ કરી શકાશે. કોઈપણ વિધાર્થીનું નામ એનરોલમેન્ટ ફોર્મ ભરતી વખતે ઉમેરી/ સુધારી શકાશે નહિ.
5. જે કોલેજો એનરોલમેન્ટ ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણી માંથી વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧.૫૦ (એક રૂપિયો ને પચાસ પૈસા) લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

6. આ કાર્યાલયના તા.૦૯-૧૨-૨૦૧૬ના પત્રાંક:એકે/૩૫૫૯૫/૨૦૧૬ના સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવેલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફોર્મ ફી તથા એનરોલમેન્ટ ફી અલગ અલગ ડ્રાફ્ટ સાથે જ જમા કરવવાની થાય છે આથી એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોર્વર્ડીંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોધ લેવી
7. ઉક્ત પરિપત્ર મુજબ વિધાર્થીની યાદીમાં જો વિધાર્થીના નામમાં વિસંગતતા જણાય તો નીચે દર્શાવેલ માળખા મુજબ Excel ફાઇલ બનાવી ug_enroll@gujaratuniversity.ac.in ઉપર email કરી આપવાની રહેશે.

| કોલેજ કોડ | કોર્ષનું નામ (BA/BCom./BSc...) | વિધાર્થીનો એપ્લિકેશન ક્રમાંક | વિધાર્થીનું ખોટું નામ | વિધાર્થીનું સાચું નામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

વધુમાં જો કોઇ વિધાર્થીનું નામ યાદીમાં દેખાતું ન હોય તો તેવા વિધાર્થીઓની નીચે દર્શાવેલ કોઠા પ્રમાણે યાદી બનાવી, (GUAC) Gujarat University Admission Cell માં જમા કરવાની રહેશે.

| કોલેજ કોડ | કોર્ષનું નામ (BA/BCom./BSc...) | વિધાર્થીનો એપ્લિકેશન ક્રમાંક | વિધાર્થીનું નામ | વિધાર્થીનો મેજર વિષય |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

વધુમાં આદેશાનુસાર જણાવવાનું કે **HPP ધોરણે ચાલતા કોર્ષ** માટે યુનિવર્સિટી ખાતે જમા કરાવેલ ભંડોળની રસીદ જમા કરાવ્યા બાદ જ એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે.

પરીક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજ. યુનિ. સંલગ્ન આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/ બીબીએ તથા બીસીએ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા માન કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
3. એકેડેમિક વિભાગ તરફ
4. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
5. પરીક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
6. ઈન્ફોર્મેશન સેન્ટર તરફ.